**મોડાસાના મે. એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ એસ.આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં, મું.મોડાસા.**

**ક્રિમિનલ કેસ નંબર : ૪૭૪/૨૦૨૫**
**આંક :**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** **હરેશભાઈ ભીખાભાઈ રાવળ,**
રહે. રાવળ વાસ મોડાસા
તા. મોડાસા જી.અરવલ્લી

**ગુનો :–** ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૬૬(૧)(બી),૮૫ , મુજબ...

**–: ચુ કા દો :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા. ૩૦/૮/૨૪ ના કલાક.૧૩/૩૦ વાગ્યાના સુમારે મોજે મોડાસા આગળ વાસ ખાતે જાહરે લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવી પકડાઈ જઈ ગુન્હો કર્યા વિગેરે ગુજરાત નશાબંધી ધારાની કલમ – ૬૬(૧)(બી),૮૫ , મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ હોય જે અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી તર્ફે વિ.વ. ના હાજર થઈ **આંકઃ** થી ડીચાર્જ મુકેલ અરજી મંજુર થતા તે લગત કરેલ હુકમ મુજબનો ગુનો ડીચાર્જ કરવામા આવે છે .

(૩) આરોપીએ **આંક–** થી ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, " અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુટુંબમાં કમાણી કરનાર એકમાત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીએ. અમારા સંપુર્ણ કુટુંબની જવાબદારી અમારી ઉપર છે. અમારી આ પ્રથમ ભુલ છે. તેથી અમો આરોપી ઉપર દયા કરવા આપ નામદાર સાહેબને અમારી નમ્ર અરજ છે."

(૪) આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીનો સમય, ફરીયાદ, પોલીસ સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો સમય બચે છે. ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ

પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ પ્રથમવારનો ગુન્હો હોવાનું અને ફરી ભવિષ્યમાં આવો ગુન્હો ન કરવાની ખાત્રી આરોપી આપતો હોય ત્યારે **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર.પેજ નં.૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને ફરી દોહરાવીને તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ.સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨), ૯૭૪, પારા ૪ માં એવુ ઠરાવેલ છે કે ,' *Learned A.P.P., however, objected to any reduction of sentence on the basis that it may become a precedent in other cases where the accused persons may have been similarly sentenced and those cases may still be pending. It, however, could not be contended that the extenuating circumstances relied upon by the applicant were not true or relevant. It also could not be disputed that learned Additional Sessions Judge has not considered in the impugned judgment any of the extenuating circumstances now canvassed before this Court.*** "In view of the latter Division Bench Judgment of this Court in *State of Gujarat V.Natwar Harchandji Thakor, 2005(1)GLR 709* and the subsequent amendment dispensing with the requirement of recording special and adequate reasons for not imposing sentence of minimum imprisonment of three months, the order of sentence is required to be modified in the interest of justice." આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે અદાલત ખાસ અને પુરતા કારણો ધ્યાને લઈ ઓછી સજા કરી શકે છે. આ કામે આરોપીએ જે કારણો જણાવેલ છે તે આ અદાલતના નમ્રપણે માનવા મુજબ સજા ઓછી કરવા માટે પુરતા છે. આથી, ન્યાયના હીતમાં, આરોપીએ સ્વેચ્છાપુર્વક કરેલ ગુન્હાની કબુલાત અંગે આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ- ૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી) મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ- ૨૬૨ મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૮૫ અન્વયે ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ- ૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૪ મી, માહે :માર્ચ , સને: ૨૦૨૬ ની નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: મોડાસા
તા.૧૪/૦૩/૨૦૨૬
લોકઅદાલત

(એસ.આર.શર્મા)
એડી.જ્યુડી.મેજી.ફ.ક.,
મોડાસા
જજ કોડ નં. જીજે. ૦ ૧૫૭૧

ડી.આર.પટેલ પી.એ.